જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૦/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૪૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૮૭	૫	૧૧૬૯૨	૧૭૭૯૮	૫	૧૭૮૦૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૬	૦	૧૧૬	૩૯૩	૦	૩૯૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૨૩૧૬	૨૬	૭૨૩૪૨	૭૩૩૪૨	૨૫	૭૩૩૬૭
કુલ		૮૮૮૫૨	૩૧	૮૮૮૮૩	૯૭૮૧૫	૩૦	૯૭૮૪૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૨	૪,૦૩,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૩૭	૫,૩૭,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૪૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૫૩ લીટર દેશી દારૂ, ૩૨ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૧૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૫૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૮૫૧/૨૦૨૧**

સરદારનગરઃ ડો.કામેક્ષા ધ્વારિકા પ્રસાદ (ઉ.વ.૭૩)(રહે.નોબલનગર સરદારનગર) એ તા.૧૦/૧૦/૨૦૨૧ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૯/૨૦૨૧ ના રોજ ટ્રેક ઓન કુરીયર મારફતે મંગાવેલ દવાઓ બાબતે મોબાઇલ ફોન નંબર ૯૮૨૫૭૩૮૯૯૪ અને ૭૮૧૮૮૦૨૨૦૧ ઉપર સંપર્ક કરતા જણાવેલ કે "તમારૂ દવા નું કુરીયર આવી ગયલ છે. પરંતુ હાલ અમારી પાસે કોઇ ડીલીવરી બોય નથી તો કાલે તમને તમારૂ કુરીયર મળી જશે" તેમ કહેતા બીજા દિવસે ગુગલ ઉપરથી "ટ્રેક ઓન કુરીયર" નો સંપર્ક નંબર લઇ ફોન કરતા તા.૧૭/૦૯/૨૦૨૧ ના રોજ મો.નં.૦૭૭૩૫૦૬૦૬૫૧ અને (૨) મો.નં-૭૮૬૫૦૧૩૧૬૧ ના ધારક(જેના નામ-સરનામાની ખબર નથી તે) એ કહેલ કે "તમોએ જે એડ્રેસ લખાવેલ છે તેમા પીન કોડ નંબર ખોટો છે, તમારે એડ્રેસ સુધારવુ પડશે" તેમ કહી ઓનલાઇન ફોર્મ ભરવાનુ કહી તે પેટે પાંચ(૫) રૂપિયા ચાર્જ ચુકવવાનુ જણાવી, ડૉ.કામેક્ષાને "એનીડેસ્ક" નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી, ડૉ.કામેક્ષા પાસેથી તેમના ડેબીટ કાર્ડ, એડ્રેસ અને બેંક ખાતાની માહીતી મેળવી લઇ તેમના નરોડા રોડ શાખાના એસ.બી.આઇ. બેંકના ખાતામાંથી અલગ-અલગ કુલ ત્રણ ટ્રાન્જેકશન કરી કુલ રૂપિયા ૪૯,૪૮૬/- ઉપાડી લઇ, ડૉ.કામેક્ષા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એમ.સોલંકી ચલાવે છે.

એરપોર્ટઃ ચંદ્રકેશભાઇ દયાશંકર પાંડે (ઉ.વ.૩૩)(રહે.સી.આઇ.એસ.એફ. યુનિટ લાઇન, ભગવતી સ્કુલ પાસે, મેઘાણીનગર) એ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૧૦/૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે કોઇ અજાણી વ્યક્તિએ એ.આઇ.જી. અરૂણસિંહ સાહેબનુ વોટૅસએપ એકાઉન્ટ હેક કરી તેમના નામે તા.૦૯/૧૦/૨૧ બપોરના ૨/૩૦ વાગે સી.આઇ.એફ. ના સિનીયર કમાન્ડન્ટ કા.સો.શ્રી રાજેશભાઇના મોબાઇલ ફોન ઉપર વોટસએપ મેસેજ કરી પોતાની બેંક એકાઉન્ટની માહિતી મોકલી આપી હતી. જે મેસેજ આધારે ચંદ્રકેશભાઇ તથા સાહેદોએ પોત પોતાના ત્રણ અલગ-અલગ બેંક ખાતામાંથી નેટબેકીંગથી રૂપિયા ૨૫,૦૦૦/- ના ત્રણ ટ્રાન્જેકશન દ્વારા કુલ રૂપિયા ૭૫,૦૦૦/- અજાણી વ્યક્તિએ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લઇ, ચંદ્રકેશભાઇ અને અન્ય સાહેદો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.આર.દેસાઇ ચલાવે છે.

<u>લુંટની ફરીયાદ :-</u> **<u>સમાચાર યાદી નં.૧૮૫૨/૨૦૨૧</u>**

ઓઢવઃ ધર્મેન્દ્રસિંહ બાબુસિંહ ભદોરીયા (ઉ.વ.૩૦)(રહે.નવી વસાહત, જશોદાનગર) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૦/૨૦૨૧ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે ઓઢવ સોનીની ચાલી બ્રીજ નીચે પોતાની રીક્ષા નંબર જીજે.૨૭.ટી.એ.૩૪૮૦ માં બેઠા હતા ત્યારે એક અજાણ્યો પુરૂષ (૩૫ થી ૪૦ વર્ષના આશરાનો) એ ધર્મેન્દ્રસિંહ ભદોરીયા ને કહેલ કે "મારે નારોલ જવુ છે, તો તુ તારી રિક્ષા ભાડેથી લઇને નારોલ ખાતે આવે છે" તેમ કહેતા ધર્મેન્દ્રસિંહ પોતાની ઓટોરિક્ષા સોનીની ચાલી થી નારોલ ખાતે જવા માટે રવાના થયેલ અને રાજેન્દ્ર બ્રીજના છેડા પાસે ગીતા-ગૌરી સિનેમાની બાજુમા આવેલ પેટ્રોલ પંપ પાસે આવતા રીક્ષામાં પેસેન્જર તરીકે બેસેલ અજાણ્યા પુરૂષે ધર્મેન્દ્રસિંહને પાછળથી ધારદાર છરી ગળા ઉપર મુકી "તુ રિક્ષા સાઇડમા ઉભી રાખ નહિતર તને જાનથી મારી નાખીશ" તેમ કહી ધર્મેન્દ્રસિંહને ધક્કો મારી નીચે પાડી દઇ ધર્મેન્દ્રસિંહ ની ઓટોરીક્ષા કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

<u>ચોરીઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૮૫૩/૨૦૨૧</u>**

રામોલઃ જીતેન્દ્રભાઇ પરષોત્તમભાઇ વાઘેલા (ઉ.વ.૫૭)(રહે.ઉમીયાપાર્ક સોસાયટી, હનુમાનજીના મંદીર પાછળ લીંબડી જી.સુરેન્દ્રનગર) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૧૦/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન જીતેન્દ્રભાઇ પોતાના પુત્ર સાથે સેકન્ડ હેન્ડ ગાડી ખરીદવા સારૂ સુરેન્દ્રનગર થી વસ્ત્રાલ પાંજરાપોળ ખાતે આવ્યા હતા. જ્યાં ગાડી પસંદ નહી આવતા પરત ઘર તરફ અસલાલી જવા સારૂ રીક્ષામાં બેસેલ હતા. જે ઓટોરિક્ષા ચાલક અને રીક્ષામાં પેસેન્જરનાં સ્વાંગમાં બેસેલ બે પુરૂષ અને એક મહિલાએ ભેગામળી જીતેન્દ્રભાઇની નજર ચુકવી તેમના ખિસ્સામાં મુકેલ રોકડ રૂપિયા ૧,૨૦,૦૦૦/- ચોરી કરી લઇ, જીતેન્દ્રભાઇ તથા તેમના પુત્રને રસ્તામાં ઉતારી દઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૮૫૪/૨૦૨૧**

પાલડીઃ મહેશભાઇ પ્રહલાદભાઇ ઠાકોર (ઉ.વ.૨૭)(રહે,વર્ષા ફલેટ પાછળ ઝુંપડામા, પી.ટી.કોલેજ રોડ, પાલડી) એ પત્ની રીસામણી ગયેલ હોઇ મનમા લાગી આવતા તા.૮/૧૦/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડના બે-ત્રણ ઘુંટડા પી લેતા ઉલટી થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન તા.૦૯/૧૦/૨૦૨૧ ના કલાક ૩/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કેસાભાઇ મણાભાઇ ચલાવે છે.

એરપોર્ટઃ ગંગાબહેન રેવાભાઇ પરમાર (ઉ.વ.૪૫)(રહે. જોગણીમાતાના છાપરા, ભદ્રેશ્વર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૯/૧૦/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કપડા ધોવાનુ લિકવીટ પી લેતા, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન તા.૧૦/૧૦/૨૦૨૧ સવારના ૧૦/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચંદુભાઇ નાનજીભાઇ ચલાવે છે.

બાપુનગરઃ અમરિશભાઇ રાજુભાઇ નાયકર (ઉ.વ.૪૫)(રહે.ગુ.હા.બોર્ડ, નવનાથ મહાદેવ મંદીર પાસે, બાપુનગર) એ અગમ્ય કારણોસર તા.૦૯/૧૦/૨૦૨૧ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાના મકાનમાં પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.